ગુજરાત સમાચાર તા- ૩૦/૧૨/૨૦૧૪
ગુજરાત સમાચાર પ્લસ પાના નં-૨


અમદાવાદ સિટી

CITY TALKS | EVENTS | FASHION | MOVIES | FOOD FUNDA | AUTOMOBILES


# સ્ટુડન્ટસ ઝારખંડમાં એટીવી કારનું મોડલ રજૂ કરશે



એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટને ફ્યુચરમાં સારી તક મળે અને સ્ટુડન્ટ ઈનોવેશન તરફ વધુ આકર્ષાય તે હેતુથી દર વર્ષે 'સોસાયટી ઓફ ઓટોમોટીવ એન્જિનિયર' દ્વારા 'સ્ટુડન્ટ બાહા' નામની ઈનોવેશન ઈવેન્ટનું આયોજન કરાય છે. જેમાં દરેક પ્રકારે મજબુત હોય એ પ્રકારની ગાડીનું ઈનોવેશન મોડેલ તૈયાર કરવાનું હોય છે.આ ઈવેન્ટમાં જીટીયુની એક કોલેજમાં અભ્યાસ કરતા મિકેનિકલ એન્જિનિયરીંગના સ્ટુડન્ટસે એટીવી (ઓલ ટેરેન વ્હીકલ) તૈયાર કરી છે. આ વ્હીકલને વિદ્યાર્થીઓએ ૬ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ઝારખંડમાં યોજાવનારી ઈવેન્ટમાં પોતાના ઈનોવેટીવ વ્હીકલ મોકલ્યા છે.

આ અંગે માહિતી આપતા સ્ટુડન્ટ રીષી પટેલ છે કે, આ ઈવેન્ટમાં પાર્ટીસિપેટ થયા પછી સેમી ફાઈનલમાં અનેક પ્રકારના ટેસ્ટમાથી પાસ થયા પછી સ્ટુડન્ટનો ઈનોવેટિવ પ્રોજેક્ટ આ ઈવેન્ટ ફાઈનલ સ્પર્ધા માટે સિલેક્ટ કરવામાં આવતો હોય છે. જેમાં અમારી ટીમનું મોડેલ સિલેક્ટ થયું છે.

વધુમાં તેઓ કહે છે કે અભ્યાસ સાથે સાથે પ્રેક્ટિકલી નોલેજ મળે તે માટે આ પ્રકારની કોમ્પિટિશન યોજવામાં આવે છે. ઈજિનિયરીંગ કરતા સ્ટુડન્ટ માટે આ પ્રકારના ઈનોવેશન ઘણા લાભદાયી નિવડે છે. રૂલ બૂકની ક્વિઝ, કોષ્ટ રિપોર્ટ સબમિટ, અલગ અલગ પાર્ટના ફોટો સબમીટ, ડિઝાઈન એનાલિસિસ, ગાડી બન્યા પછી ગાડી ટેસ્ટનું વિડિયો બનાવીને સબમીટ કરવાનો વગેરેની પ્રોસેસ પછી પ્રથમ ટેસ્ટમાં પાસ થઈ ફાઈનલ સબમિશનમાં એન્ટર થવાય છે.

**દર વર્ષે યોજાતી 'સ્ટુડન્ટ બાહા ૨૦૧૫'માં અમદાવાદની ત્રણ ટીમ સિલેક્ટ થઈ**



## એટીવી એટલે શું ?

એટીવી એટલે ઓલ ટેરેન વ્હીકલ, આ વ્હીકલને એ રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે ખાડા, ટેકરો, વરસાદ, માટી, પથ્થર જેવી તમામ જગ્યાએ જે ગાડી સરળતાથી ચાલી શકે એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે. આ કાર ૪૫ મીટરનું અંતર ૫.૮ સેકન્ડમાં કાપે છે.